# ખેડબ્રહ્મા તાલુકાના ખેડવા ડેમના તળિયા દેખાયા

## રાજસ્થાનથી આવતી નદીઓથી ભરાઈ જાય છે આ ડેમ





ખેડબ્રહ્મા, ૧૨

ખેડબ્રહ્મા તાલુકાના મોટાભાગના વિસ્તરમાં પીવાનું અને સિંચાઈનું પાણી પૂરું પાડતી જીવાદોરી સમાન ખેડવા જળાશય યોજના મા પાણી ઓછું થઈ ગયું છે જેને લાઈ વર્ષો બાદ ડેમના તળિયા દેખાવા લાગ્યા છે.

ખેડબ્રહ્મા ના ખેડવા ડેમમાંથી તાલુકાની મોટા ભાગની વસ્તીને ડેમમાંથી પીવાના તેમજ સિંચાઈ માટે પાણી કેનાલ દ્વારા પુરુ પાડવામાં આવે છે.

પરંતુ પાછલા વર્ષે સમગ્ર ગુજરાત સહિત ખેડવા ડેમના ઉપરવાસના રાજસ્થાનમાં પણ વરસાદ ઓછો થયો હતો જેને લાઈ ખેડવા ડેમમાં પાણી આવક નહિવત થઈ હતી. જેથી હાલની પરિસ્થિતિ પ્રમાણે ડેમમાં પાણીનો જે સ્ટોક રહેવો જોઈએ તે નથી પરિસ્થિ એટલી વિકટ છે. કે ડેમના દરવાજા પાસેજ પાણી સુકાઈ જવાથી તળિયું દેખાઈ રહ્યુ છે ને ભૂતકાળના પાણી ના કાપના કારણે દરવાજા પાસે માટીનો ઢગલો થવાથી પાછળનું પાણી આગળ આવી શકાતું નથી જેને કારણે બ્રાન્ચ કેનાલમાં પણ પાણી છોડવાના ભાગે તળીયાથી પાણીની સપાટી નીચે જતાં પાણી ની સમસ્યા વધવા પામી છે.

ડેમમા હાલ પાણી ન હોઈ લોકોની માગણી છે કે ચોમાસા પહેલા ડેમમાં આ કાપ દૂર કરી ડેમ સફાઈ કરી ઉંડાઈ વધારવામાં આવે તો ચોમાસામાં જે વધારાનું પાણી નદીમાં છોડી દેવું પડે છે તેનો સંગ્રહ થાય અને ભવિષ્યમાં પાણીની સમસ્યા સામે લડી શકાય.

# ખંભીસર ગામે દલિત સમાજના યુવકનો વરઘોડો : ગામ પોલીસ છાવણીમાં ફેરવાયું



મોડાસા, તા.૧૨

સમગ્ર દેશમાં આઝાદીના ૭૨ વર્ષ પછી પણ અનુસૂચિત જાતિ સમાજના લોકો સતત અસ્પૃશ્યતો ભોગ બની રહી છે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની સમરસતાની સુફિયાણી વાતો વચ્ચે દલિત સમાજના લોકો રાજ્યના અનેક વિસ્તારોમાં આજે પણ

આભડછેટ અને સામાજિક બહિષ્કારની અનેક કમનસીબ ઘટનાઓ સામે આવી રહી છે.સાબરકાંઠા જીલ્લામાં દલિત સમાજના બે વરઘોડા ચુસ્ત પોલીસ બંદોબસ્ત નીકળ્યા બાદ રવિવારે અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાના ખંભીસર ગામે ગામના અસામાજિક તત્વોની ધમકીના એક દલિત પરિવારે લગ્નમાં વરઘોડો કાઢવા પોલીસ પાસે બંદોબસ્તની માંગણી કરવામાં જીલ્લા પોલીસતંત્ર દ્વારા એક પી.આઈ અને ૬ પીએસઆઈ સાથે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાતા ખંભીસર ગામ પોલીસ છાવણીમાં ફેરવાયું હતું

ખંભીસર ગામમાં આઝાદીના આટલા વર્ષો પછી પણ એક પણ અનુસૂચિત જાતિના વ્યકિતનો ઘોડા ઉપર વરઘોડો નીકળ્યો નથી ત્યારે ગામના ડાહ્યાભાઈ પુંજાભાઈ રાઠોડના પુત્ર જયેશના રવિવારે લગ્ન હોવાથી

ગામમાં ડીજે સાથે વરઘોડો કાઢવાનું નક્કી કરાતા આ વાત ગામના ચોક્કસ જ્ઞાતિના લોકોએ વરઘોડો નહિ કાઢવા માટે ધમકી અપાતા પરિવારજનો અને અનુસૂચિત જાતિ સમાજના લોકો ફફડી ઉઠાવાની સાથે જયેશ નામના યુવકનો વરઘોડો કાઢવા મક્કમ બનતા જીલ્લા પોલીસવડા મયુર પાટીલને રજુઆત કરતાં અને પોલીસ રક્ષણની માંગ કરતાં યુવકના પરિવારજનો અને અનુસૂચિત જાતિ સમાજના લોકોને વરઘોડો કાઢવા માટે પોલીસ પ્રોટેક્શન પૂરું પાડવામાં આવ્યું હતું જેના પગલે પોલીસે ગામમાં કાફલો ઉતારી દીધો હતો.પોલીસના બંદોબસ્ત વચ્ચે આખરે વરઘોડો તો નીકળ્યો હતો,જાણે સમગ્ર ગામ પોલીસ છાવણીમાં ફેરવાયું હોય તેવો માહોલ જોવા મળ્યો હતો

# અરવલ્લી જિલ્લામાં વાવાઝોડાની આગાહી વચ્ચે અસહ્ય ગરમી



મોડાસા, તા. ૧૨

અપર એર સરક્યુલેશન સિસ્ટમ સર્જાવાને પરિણામે રાજસ્થાન, ઉત્તર ગુજરાતના કેટલાંક વિસ્તારોમાં વાવાઝોડા સાથે વરસાદના હળવાથી ભારે ઝાપટા શનિવારે રાત્રીના સુમારે પડ્યા હતા. હવામાન ખાતાની વાવાઝોડાની આગાહી વચ્ચે રવિવારે સૂર્યદેવતા રૌદ્ર સ્વરૂપ ધારણ કરતા આકરા તાપથી જિલ્લાવાસીઓ શેકાયા હતા. ગરમીનું પ્રમાણ વધવાથી બફારો પણ વધતા પ્રજાજનો તોબા પોકારી ઉઠ્યા હતા.

અરવલ્લી જિલ્લામાં આકરી ગરમીથી વાદળછાયા વાતાવરણથી આંશિક રાહત અનુભવાયા બાદ રવિવારે ગરમીનો પારો ૪૨ ડિગ્રીને આંબી જતા લોકો તોબા પોકારી ઉઠ્યા હતા. લગ્ન પ્રસંગ યોજાનાર પરિવારજનો અને જાનૈયાએ ગરમીથી ત્રાહિમામ પોકારી સતત પરસેવાથી રેબઝેબ બનતા લગ્નની મજાને બદલે પરસેવો પડ્યો હતો. રસ્તાઓ સુમસામ બન્યા હતા. પ્રજાજનો ઠંડા પીણા અને પંખા એરકુલર અને એસીના સહારે રાહત મેળવી હતી.

# ધાનેરા જનરલ હોસ્પિટલ ખાતે ફ્રી નિદાન કેમ્પ યોજાયો

ધાનેરા, તા.૧૨

આજના જમાનામાં મોઘવારી તેમજ ગરીબીને ધ્યાનમાં લઈ લોકોના આરોગ્ય માટે મોંઘા ભાવની દવાઓ તેમજ સારવાર ન કરાવી શકનાર ગરીબો માટે ધાનેરા ખાતે શાહ રામચંદ સ્વરાજ જનરલ હોસ્પિટલમાં ફ્રી નિદાન કેમ્પનું આયોજન કરાયું હતું ધાનેરા શાહ રામચંદ સ્વરાજ હોસ્પિટલમાં અનેક વખત ફ્રી નિદાન કેમ્પમાં લોકોએ લાભ લીધો છે ત્યારે ફરી એક વાર આ હોસ્પિટલમાં વહીવટી માર્ગદર્શન તરીકે રામભાઈ સોનીના માર્ગદર્શન હેઠળ અમદાવાદથી પ્રખ્યાત ડોકટર જયંત ત્રિવેદી એમડી .ફેફસા એલર્જી નસકોરા રોગના નિષ્ણાત તેમજ શ્રી જાગૃતિબેન ત્રિવેદી પેન સ્પેશિયલ આવીને કેમ્પમાં લોકોને સારવાર કરી હતી આ પ્રસંગે ફેફસાના રોગો તેમજ ખાંસી જેવા તકલીફો માટે જેઓને ટેસ્ટ મશીન દ્વારા લોકોને ટેસ્ટ કરી માર્ગદર્શન તેમજ દવાઓ આપી સારવાર કરી હતી આ ટેસ્ટ માટે અમદાવાદ જેવી મેગાસિટીમાં રૂપિયા ૮૦૦/-જેવો ખર્ચ થાય છે ત્યારે આ કેમ્પમાં ફ્રી ટેસ્ટ પણ કરવામાં આવ્યું હતું આ પ્રસંગે મોટી સંખ્યામાં પેશન્ટો એ લાભ લીધો હતો ભવિષ્યમાં આ રામચંદ સ્વરાજ હોસ્પિટલમાં મોટા સારવાર અને નિદાન કેમ્પો રાખવાનું આયોજન પણ કરેલ છે અને ગરીબ દર્દીઓ માટે સારી એવી સુવિધા પણ આપવામાં આવે છે આમ આ કેમ્પમાં મોટી સંખ્યામાં દર્દીઓ આવી અને લાભ લઈ કેમ્પને સફળ બનાવ્યો હતો.

# અરવલ્લી જિલ્લામાં સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા અને ભાગવત દશમસ્કંધ

મોડાસા, તા. ૧૨

અરવલ્લી જિલ્લામા સામાજીક ઉત્થાનના કાર્યો સાથે સત્સંગ, પ્રચાર, પ્રસાર, વ્યસન મુક્તિ જેવા કાર્યો માટે નરનારાયણ દેવ આશ્રિત સ્વામિનારાયણ મંદિરનું બાયલ તાલુકા મોડાસા ખાતે નિર્માણ કરવામાં આવ્યું છે. મંદિરના મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત તા. ૧૧ મે થી ૧૪ મે સુધી રાત્રે ૮.૧૫ થી ૧૧ વાગ્યે સ્વામી ચૈતન્યસ્વરૂપદાસજી ગાંધીનગર દ્વારા ભાગવત દશમ સ્કંધ રાત્રી પારાયણ બાયલ પ્રાથમિક શાળા મેદાન મું. બાયલ, જી. અરવલ્લી ખાતે રાખવામાં આવ્યું છે.

# ઉત્તર ગુજરાતમાં હવામાન વિભાગની આગાહી અને માર્કેટયાર્ડની નોટિસ પછી પણ વેપારીઓએ માલ ખુલ્લામાં મુકી રાખ્યો

મોડાસા, તા. ૧૨

ઉત્તર ગુજરાતમાં વાવાઝોડા અને વરસાદના કારણે મોટાભાગના એ.પી.એમ.સી. દ્વારા વેપારીઓ અને ખેડૂતોને તેમની ખેતપેદાશ ભીંજાઈ ન જાય કે નુકસાન ન થાય તેની કાળજી રાખવા જણાવ્યું હતું. છતાં જિલ્લાના મોટાભાગના વેપારીઓએ એ.પી.એમ.સી.ની નોટીસને ગણકાર્યા વગર ખરીદેલો માલ ખુલ્લામાં મુકી રાખ્યો છે. જિલ્લાના માર્કેટયાર્ડના વેપારીઓની અંદાજીત રૂ. ૩ કરોડની ખેતપેદાશ શનિવાર-રવિવારે પણ ખુલ્લામાં જોવા મળી હતી. જ્યારે જિલ્લાના મોટા માર્કેટયાર્ડોમાં બજાર સમિતિ દ્વારા શેડની વ્યવસ્થા ઉભી કરી હોવાથી વેપારીઓએ અગમચેતીના ભાગરૂપે શેડનો ઉપયોગ કર્યાનું જાણવા મળ્યું છે. વારંવાર હવામાન પલ્ટાવ અને કમોસમી માવઠાઓના કારણે ખેડૂતો અને વેપારીઓની માઠી દશા બેઠી છે. શુક્રવારથી ૩ દિવસ સુધી ઉત્તર ગુજરાતમાં વાવાઝોડા સાથે વરસાદ ખાબકવાની આગાહી કરવામાં આવી હતી. ગત રાત્રે જિલ્લાના કેટલાક વિસ્તારોમાં વીજળીના કડાકા-ભડાકા સાથે હળવો વરસાદ વરસ્યો છે. બે દિવસ અગાઉ જ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની તમામ બજાર સમિતિઓએ વેપારીઓ અને ખેડૂતોને સંભવિત નુકસાનની સંભાવના છે. બાયડ માર્કેટયાર્ડમાં ખુલ્લામાં અંદાજીત રૂ. ૩૦ લાખ, મોડાસા માર્કેટયાર્ડમાં



વાવાઝોડા અને વરસાદના કારણે તૈયાર ખેતપેદાશ ભીંજાય નહી તે માટે તકેદારી રાખવા જણાવ્યું હતું જેથી ગુરૂવાર રાત્રિથી જ કેટલાક વેપારીઓએ ખરીદેલી ખેતપેદાશ બજાર સમિતિના શેડમાં ગોઠવી દીધી હતી.

તો કેટલાક વેપારીઓએ બમણી મજૂરીના આંકડા મુકી ખેતપેદાશ પોતાની પેઢી આગળ જ મુકી રાખી છે. ભારે વરસાદ વરસે તો આવા વેપારીઓને માતબર અંદાજીત રૂ. ૬૦ લાખની ખેતપેદાશ ખુલ્લામાં પડ્યાનું જાણવા મળ્યું છે. બાયડ એ.પી.એમ.સી.ના કેટલાક વેપારીઓએ જણાવ્યુ કે બાયડ માર્કેટયાર્ડ દ્વારા ખેડૂતો માટે કોઈ શેડની વ્યવસ્થા ઉભી કરાઈ નથી. જેથી હવામાન પલ્ટાય ત્યારે વેપારીઓને હાલાકી ભોગવવી પડતી હોય છે. જ્યારે તલોદ, ધનસુરા, મોડાસા સહિતના મોટાભાગના યાર્ડોમાં શેડની વ્યવસ્થા કરવામાં આવી છે.

# ખાતર કટકી કૌભાંડના વિરોધમાં આવેદનપત્ર અપાશે

હિંમતનગર, તા. ૧૨

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં તાજેતરમાં ખાતર કટકી કૌભાંડનો પર્દાફાશ થયા બાદ ખેડૂત આલમમાં તેના ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે. ત્યારે આ કટકી કૌભાંડમાં સંડોવાયેલા લોકો સામે પગલા લેવા અને તપાસના નાટકો કરતી ગુજરાતની ભાજપ સરકારના કૃષીમંત્રીએ રાજીનામુ આપવાની માંગ સાથે સોમવારે સાબરકાંઠા કિસાનસભા દ્વારા કલેકટરને આવેદનપત્ર આપવાનું નક્કી કરાયું છે.

આ અંગે સાબરકાંઠા કિસાનસભાની યાદીમાં જણાવાયા મુજબ રાસાયણીક ખાતરોમાં ઓછુ વજન આપીને ખેડૂતો સાથે થઈ રહેલી છેતરપીંડી અને વિશ્વાસઘાતને લીધે ખેડૂતોમાં રોષ ફેલાયો છે. એક તરફ ખાતરોમાં કરાયેલા ભાવ વધારો ખુબ અસહ્ય બન્યો છે. કેટલા ખેડૂતોએ કંટાળીને આત્મહત્યા કરવી પડી છે. તેમ છતાં કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને અપાતા ભાવોમાં જે વધારો કરાયો છે તે ખુબજ ઓછો છે અને ખાતર કૌભાંડમાં સંડોવાયેલા લોકો સામે તપાસ કરીને કડક પગલા લેવાની માંગ સાથે સોમવારે સાબરકાંઠા કિસાનસભા દ્વારા કલેક્ટરને આવેદનપત્ર અપાશે.

# 'દીકરી બની દિકરા સમાન'

# ભિલોડાના ભવનાથમાં ચાર દીકરીઓએ પિતાને કાંધ આપી

ભિલોડા, તા. ૧૨

આજે ઘરડા મા-બાપને તરછોડવાની ઘટનાઓ વધી રહી છે ત્યારે તેમને વૃદ્ધાવસ્થા દરમિયાન પુછતુ પણ નથી. સમાજના કેટલાક વર્ગોમાં દીકરી કરતા દીકરાઓને વધુ પ્રાધાન્ય અપાય છે તેમ છતાં કેટલાક કિસ્સાઓમાં દીકરાઓ મા-બાપને તરછોડતા વાર નથી કરતી. પણ ભિલોડાના ભવનાથ નજીક અવસાન પામેલા પિતાને ચાર દીકરીઓએ કાંધ આપી સમાજ જીવન માટે પ્રેરણારૂપ બની છે.

અરવલ્લી જિલ્લાના ભિલોડાના નવા ભવનાથ ખાતે રાવલ ભવાનીશંકરનું ૮૬ વર્ષે દુઃખદ અવસાન થયુ હતુ. તેમને ચાર દીકરીઓ જ હતી. એવામાં પિતાને કાંધ આપવા માટે ચારેય દીકરીઓએ નક્કી કર્યુ અને કાંધ આપી સ્મશાનયાત્રામાં જોડાઈ હતી. ભવાની શંકરને દીકરો ન હોવાથી ચાર દીકરીઓએ દિકરાની ફરજ નિભાવી હતી. ચારેય દીકરીઓએ પિતાને અગ્નિદાહ આપતા સૌ કોઈ ભાવુક થયા હતા.

# પ્રાંતિજના સીતવાડામાં દલિત સમાજનો વરઘોડો ગામ વચ્ચે રોકવામાં આવ્યો

**ડીજે સાથે નિકળેલ વરઘોડાને ગામ વચ્ચે રોકાયો : ડીવાયએસપી, એસોજી, એલસીબી સહિત પોલીસ કાફલો સીતવાડા દોડી આવ્યો : એક કલાકની મથામણ બાદ વરઘોડો ફરી મહાકાલી મંદિર સુધી પહોચ્યો**



પ્રાંતિજ, તા.૧૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકા ના સીતવાડા ગામે દલિત સમાજના પુત્રના વરઘોડાને લઈને બે કોમના લોકો સામ સામે આવી ગયાં હતાં તો ડીજે સાથે ગામમાંથી મંદિર તરફ જતો વરઘોડો અધવચ્ચે રોકવામાં આવ્યો હતો. બાદમા પોલીસની મથામણ બાદ વરઘોડો મંદિરે સુધી પહોચ્યો હતો અને દર્શન કરી પરફ ફર્યો હતો.

હજુ એક દિવસ અગાઉ જ પ્રાંતિજ તાલુકાના બોરીયા સીતવાડા ગામે વરઘોડો કાઢવાને લઈને બન્ને સમાજના લોકો સામ સામે આવી ગયા હતા અને પોલીસે માત્ર ફળીયા પુરતો વરઘોડો કાઢવી મામલો થાળે પડયો હતો. જયારે આજે સીતવાડા ગામે ડીજે સાથે ગામમાં આવેલ મહાકાલી મંદિરમાં દર્શન કરવા માટે અનીલભાઈ સોમાભાઈ રાઠોડ (ચમાર)ના પુત્ર રમેશભાઈ અનીલભાઈનો વરઘોડો ડીજે સાથે નિકળ્યો હતો તો ગામના કેટલાંક લોકોએ વરઘોડો અટકાયો હતા. તો પોલીસ માત્ર ત્રણ ગાડી હોવાથી મામલાની ગંભીરતા જોઈ વધુ પોલીસ બોલાવવાની ફરજ પડી હતી તો સાબરકાંઠા ડીવાયએસપી મીનાક્ષીબેન પટેલ, એસોજી પી. આઈ. એમ. ડી ઉપાધ્યાય, એલ. સી. બી. પીઆઈ વી.આર. ચાવડા સહિત પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી આવ્યા હતાં અને ગ્રામજનો સાથે એક કલાકની સમજાવટ બાદ કડક સુરક્ષા પોલીસ બંદોબસ્ત વચ્ચે વરઘોડો નિકળ્યો હતો અને મહાકાલી મંદિર સુધી પહોચ્યો હતો અને દર્શન કરી પરત ફર્યો હતો

આ ગામના પેટા પરૂ બોરીયા સીતવાડામાં પણ એક દિવસ અગાઉ ભારે અગ્ની જેવી સ્થિતિ પેદા થઈ હતી તો આ ગામ તો મોટામાં મોટુ ગામ હતું અને ગામમાં થઈ વરઘોડો નીકળવાનો હતો તો માત્ર ત્રણ જીપ્સી એક પીએસાઈ સાથે માત્ર ૧૫ પોલીસ જ હતી ત્યારે ડીવાયએસપી સાહેબ આ તો ગામ મોટું હતું અને કંઈક જો ઘટના બની હોત તો જવાબ દારી કોણી રહેત તો શું પ્રથમ વરઘોડો પોલીસ કર્મી વરરાજાનો હતો એટલે શું જિલ્લામાં પોલીસ કર્મી તરીકે ફરજ બજાવતો હોવાથી જિલ્લાની પોલીસ ઉતારવામા આવી હતી કે પછી જીલ્લાનો પોલીસ સ્ટાફ વરઘોડામાં આવ્યો હતો ત્યારે આ પરિવાર માટે અને આવડા મોટા ગામમાં માત્ર ૧૫ પોલીસ કોઈ અનિચ્છનિય ઘટનાની રાહ જોવાતી હોય તેવું લાગી રહ્યુ હતું ત્યારે હાલતો બોરીયા સીતવાડા અને સીતવાડાથી વરઘોડા તો નિકળ્યા પણ પોલીસ દ્વારા દલિત સમાજ કે પરિવારોને કેટલી સુરક્ષા આપવામાં આવશે એ તો હવે જોવું રહ્યું.

# વાવાઝોડાની અસરોથી સાબરકાંઠા પ્રભાવિત

## હિંમતનગર, ઈડર, વડાલી, ખેડબ્રહ્મા અને પોશીનામાં સામાન્ય વરસાદ

હિંમતનગર, તા. ૧૨

સાબરકાંઠા જિલ્લામાં બે દિવસથી વાતાવરણમાં આવેલા પલ્ટાની અસરો જણાઈ રહી છે. ત્યારે શનિવારે વહેલી પરોઢે હિંમતનગર સહિત જિલ્લાના અન્ય સ્થળે જોરદાર પવન સાથે સામાન્ય વરસાદનુ ઝાપટુ વરસી જતા લોકો ભર ઉંઘમાંથી જાગી ગયા હતા. જોકે જિલ્લાના કોઈપણ સ્થળે માલમિલ્કત કે અન્ય કોઈ નુકશાન થયુ ન હોવાનું ડીઝાસ્ટર વિભાગનું કહેવું છે.

હવામાન વિભાગના જણાવાયા મુજબ વાતાવરણમાં આવેલા પલ્ટાની અસરોથી ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લો પ્રભાવિત થનાર હોવાની આગાહી કરાઈ હતી. જેના પરિણામ સ્વરૂપે શુક્રવારે સાબરકાંઠા અને અરવલ્લીમાં આકાશમાં ચઢી આવેલા વાદળોને લઈને ગરમીમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો હતો. દરમિયાન શનિવારે વહેલી પરોઢે એટલે કે ૪.૩૦ થી ૫.૦૦ વાગ્યાના સમય દરમિયાન જિલ્લાના હિંમતનગર, ઈડર, વડાલી, ખેડબ્રહ્મા, વિજયનગર, પોશીના તથા તલોદ અને પ્રાંતિજ પંથકમાં જોરદાર પવન ફુંકાયો હતો.

જેને લઈને હિંમતનગર સહિત કેટલાક ઠેકાણે વીજ પુરવઠો જતો રહ્યો હતો. જેના લીધે લોકો ભર ઉંઘમાંથી જાગી ગયા હતા. ત્યારબાદ હિંમતનગર અને આસપાસના વિસ્તારોમાં વરસાદના સામાન્ય છાંટા પડ્યા હતા તો બીજી તરફ વડાલી, ઈડર અને વિજયનગર, પોશીનામાં હળવો વરસાદ પડ્યો હતો. જોકે વહેલી પરોઢે વાતાવરણમાં આવેલ પલ્ટાને લઈને કોઈ મોટુ નુકશાન થવા પામ્યુ ન હોવાનુ ડીઝાસ્ટર મામલતદાર કનુભાઈ પટેલે દાવો કરતા જણાવ્યુ હતુ.

વહેલી પરોઢે આવેલા વાતાવરણમાં આવેલા પલ્ટાને લઈને પ્રાંતિજ અને તલોદ પંથકમાં ફક્ત ૧૫ મીનીટ સુધી જોરદાર પવન ફૂકાયો હતો પરંતુ કોઈ વરસાદના છાંટા પડ્યા ન હતા.

# સાબરકાંઠામાં પ્રિ-મોન્સુનની તૈયારી માટે બેઠક યોજાઈ

હિંમતનગર, તા. ૧૨

ગુજરાત સહિત સાબરકાંઠા અને અરવલ્લીમાં આગામી તા. ૧૫મી જુનથી ચોમાસુ ઋતુનું આગમન થવાની હવામાન વિભાગે આગાહી કરી છે. ત્યારે તાજેતરમાં સાબરકાંઠા કલેક્ટરના અધ્યક્ષસ્થાને પ્રિ.મોન્સુનની તૈયારીઓ અંગે ૬૦થી વધુ અધિકારીઓની ઉપસ્થિતિમાં બેઠકનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં વિવિધ પાસાઓને લઈને ચર્ચા કરાયા બાદ સંલગ્ન વિભાગોને કોઈપણ આફત, વાવાઝોડુ કે વરસાદની સ્થિતિમાં ઓછુ નુકશાન થાય તે અંગે સજાગ રહેવા માટે તાકીદ કરાઈ હતી.

આ અંગે ડીઝાસ્ટર વિભાગના જણાવાયા મુજબ ડીઝાસ્ટર મેનેજમેન્ટ દ્વારા તૈયાર કરાયેલ પ્લાન રજુ કરી સંબંધીત ખાતાના વડાઓને ગત વર્ષની જેમ તમામ માહિતી એકત્ર કરીને ઉચ્ચ સ્થળે મોકલી આપવા તાકીદ કરાઈ હતી. પહાડી વિસ્તારોમાં નુકશાન ઓછુ થાય તે માટે ડીપ પરના બોર્ડની મજબુતાઈની ચકાસણી કરવા માટે માર્ગ અને મકાન વિભાગને તાકીદ કરાઈ છે. તથા વીજ કંપનીને જોખમી વીજ લાઈનો દ્વારા નુકશાન ન થાય અને વીજ પુરવઠો ખોરવાય નહી તે માટે ટીમ બનાવવા જણાવાયુ છે.

આ બેઠકમાં જર્જરિત મકાનો અને હોર્ડીંગ્સ સહ ઉતારી લેવા તથા નગરપાલિકાઓને રેસ્ક્યુ ટીમ અને બચાવના સાધનો સાથે તૈયાર રહેવા જણાવાયુ છે. ઉપરાંત સાબરકાંઠાના ઉપરવાસમાં જ્યારે ભારે વરસાદ થાય ત્યારે રાજસ્થાનના સરહદી વિસ્તારોના અધિકારીઓ પાસેથી માહિતી મેળવવા માટે તેમના સંપર્ક નંબર રાખવા પણ ચર્ચા કરાઈ હતી. આ ઉપરાંત તાલુકાકક્ષાએ કંટ્રોલરૂમ શરૂ કરવા અંગે પણ તાકીદ કરાઈ હતી.